# PARLIAMENT OF INDIA

## (Joint Recruitment Cell)

Examination for Recruitment to the Post of

Junior Parliamentary Interpreter (Gujarati) in Rajya Sabha Secretariat

## Paper II

## Translation from Gujarati into English

Time: One hour | Marks: 200

Translate the following into English:

તાજેતરની ભૂમિકાનાં કેટલાંક પાસાંઓ થકી ઉદ્ભવેલી ઉચ્ચ અપેક્ષાઓની પૃષ્ઠભૂમિ સામે દસમી પંચવર્ષીય યોજના તૈયાર કરવામાં આવી છે. આઠમી અને નવમી યોજનાના ગાળા પછીના સુધારાના ગાળામાં સકળ ઘરેલુ ઉત્પાદ–(જીડીપી)ની વૃદ્ધિ સુધરી છે. એ થકી ભારત વિશ્વના દસ ઝડપભેર વિકાસશીલ દેશોમાંનો એક દેશ બન્યો છે. દસમી પંચવર્ષીય યોજના વર્ષ 2002થી 2007ના ગાળામાં જીડીપીનો વાર્ષિક એકંદર વિકાસ દર 8 ટકા પ્રાપ્ત કરવાનું લક્ષ્ય રાખે છે. દસમી યોજના માટેની વ્યૂહનીતિમાં સરકારી ભૂમિકાની પુનઃવ્યાખ્યા, રાજ્યવાર વિકાસની વિગત અને સામાજિક વિકાસના લક્ષ્યાંક, કૃષિક્ષેત્રમાં સુધારાઓ વધારવા, રોજગાર ઊભો કરનારાં ક્ષેત્રો પર ભાર મૂકવા તેમ જ ગરીબીનિવારણનો સમાવેશ થાય છે. સાથોસાથ, દસમી યોજના માનવ વિકાસની ચાવીરૂપ બાબત પર વિશેષ કેન્દ્રીત છે.

ભારતની 2001ની વસતિગણતરી માટેનાં કામચલાઉ પરિણામો અનુસાર પહેલી માર્ચ 2001ના રોજ ભારતની વસતિ એક અબજના આંકને આંબી ગઈ હતી. અને ગુજરાતના ધરતીકંપ અસરગ્રસ્ત વિસ્તારો બાકાત રાખતાં તે 1 અબજ 3 કરોડ જેટલી હતી. આમ, ભારત વસતિની બાબતે વિશ્વમાં એક અબજના આંકને વટાવનાર ચીન પછીનો બીજો દેશ બન્યો.

તાજેતરનાં વર્ષોમાં સેવાઓનું ક્ષેત્ર ભારતીય વિકાસ પ્રક્રિયાના મુખ્ય આધારસ્તંભ તરીકે આગળ આવ્યું છે. ભારતીય નાણાંકીય પ્રણાલીમાં કમ્પ્યુટરીકરણ અને સંચાર ટેકનોલૉજીનો પ્રગતિશીલ વ્યાપ થયો છે. માળખાકીય સવલતોના ક્ષેત્રે સુધારા આણવા અંગે સક્રિય અને સતત પ્રયત્નો ચાલુ છે. સરકાર ધીમે ધીમે સેવાઓની 'પ્રદાતા' તરીકેની પોતાની પરંપરાગત ભૂમિકાએથી દૂર હટીને માળખાકીય સેવાઓ ઈચ્છિત રીતે પૂરી પાડીને એક 'સગવડદાતા' બની રહી છે.

સરકારે રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિકાસ યોજનાને લાગૂ કરવા ઝડપી પ્રગતિ સાધી છે. ટેલિકોમ ક્ષેત્રે વિસંગતિ, સ્પર્ધા અને ટેકનોલૉજીને પહોંચી વળવા ભાડાંના દર એકદમ ઘટાડવામાં આવ્યા છે: એની સાથે જ, ટેલિફોન લાઈનોમાં વૃદ્ધિ, ખાસ કરીને મોબાઈલ સેવાઓમાં ઝડપભેર વિકાસ થઈ રહ્યો છે.

ગુજરાતે પ્રભાવશાળી ઔદ્યોગિક વિકાસ આગળ ધપાવ્યો છે. ઉદ્યોગોની બાબતમાં ગુજરાત અગ્રણી રાજ્ય બન્યું છે. માળખાકીય સવલતો પ્રગતિની કરોડરજ્જુ છે અને ગુજરાત રાજ્યમાં સારી એવી વિકસિત માળખકીય સવલતો છે.

ગુજરાત સરકારે ગુજરાત રાજ્યમાં જળસ્રોતોના મહત્તમ વિકાસ અને વપરાશ માટે એક માસ્ટર પ્લાન તૈયાર કર્યો છે. 'કલ્પસર' નામે બહુહેતુક યોજના હેઠળ ખંભાતના અખાતની આ પારથી પેલે પાર ભાવનગરમાં ઘોઘા અને ભરૂચ જિલ્લામાં હાંસોટને જોડતો બંધ બાંધવાનું લક્ષ્ય મુકાયેલ છે. આ ડેમની કુલ લંબાઈ 64.16 કિ.મી. હશે.

રાજ્ય સરકારે સુજલામ સુફલામ યોજના શરૂ કરી છે જે રાજ્યના દસ જિલ્લાઓમાં પાણીની સમસ્યાનો ઉકેલ આણશે એવી આશા રખાય છે. આ યોજના હેઠળ મહી નદીમાંથી પૂરનું પાણી ઉત્તર ગુજરાતમાં બનાસ નદી સુધી લઈ જવાશે.

રાજ્ય સરકારે ગુજરાત ઔદ્યોગિક નીતિ 2003 જાહેર કરી છે. આ નીતિ અંતર્ગત ટકાઉ ઔદ્યોગિક વિકાસ હાંસલ કરવાનું લક્ષ્ય રખાયું છે. આ નીતિમાં ઔદ્યોગિક એકમોમાં ઉત્પાદકતામાં સુધારો આણી વૈશ્વિક સ્પર્ધાઓનો મુકાબલો કરવા તેમ જ મોટે પાયે રોજગારની તકો ઊભી કરવાનો દૃષ્ટિકોણ સામેલ છે.

પર્યટન નીતિ 2003-2010 ગુજરાતમાં પર્યટનની સંભાવનાઓનાં તમામ પાસાં સામે લાવી યોજનાઓના સર્વગ્રાહી વિકાસનો માર્ગ મોકળો કરશે. નીતિ ઘડવૈયાઓની સકારાત્મક, વિકાસલક્ષી અને ટેકાવાળી વિચારસરણીને લઈ આ નીતિ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય વ્યાપારી સંસ્થાઓ તેમ જ ખાનગી સાહસકારોને લાંબા ગાળાના નફાકારી મૂડીરોકાણ તેમ જ વ્યાપારી તકો પૂરી પાડવા માટે એક સોનાની ખાણ સમાન બની રહેશે. પર્યટન ક્ષેત્રમાં ઉચ્ચતમ રોજગારની સંભાવનાઓ રહેલી છે. વિશાળ પાયે મૂડીરોકાણ આકર્ષીને મોટે પાયે રોજગારીની તકો ઊભી કરાશે. આ નીતિના સમયગાળામાં ખાસ સ્થાપિત કરાયેલ સંસ્થાઓ દ્વારા યોગ્ય તાલીમ મેળવીને રાજ્યના યુવાનો આ ક્ષેત્રમાં લાભકારક રોજગાર રળી શકશે.

રાજ્યમાં 2002-03ના સમયગાળામાં પ્રાથમિક શિક્ષણ માટે 39712 શૈક્ષણિક સંસ્થાઓમાં 83.70 લાખ વિદ્યાર્થીઓ દાખલ થયાં અને ધોરણ 1થી 5 સુધીમાં નિશાળ છોડી જનારાં બાળકોનો દર ઘટીને 19.90 ટકાનો રહ્યો છે. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની સંખ્યા 7308 તેમ જ એમાં પ્રવેશ મેળવનાર બાળકોની સંખ્યા 24.75 લાખ હતી.

આરોગ્ય તંત્રનું માળખું રાજ્યના લોકોના આરોગ્યમાં મહત્વપૂર્ણ સુધારો કરવાલાયક બન્યું છે. સરદાર પટેલ આવાસ યોજનામાં 2002-03 દરમિયાન 37324 નવાં ઘરો બંધાયાં. ગુજરાત ગ્રામીણ આવાસ બોર્ડે વર્ષ 2002-03 દરમિયાન આર્થિક રીતે નબળા વર્ગોના અને ઓછી આવકવાળાં જૂથો માટે 715 મકાનો તૈયાર કર્યાં.

આદિવાસી વિસ્તાર સબ–પ્લાન અને સ્પેશ્યલ કોમ્પોનન્ટ પ્લાનની પદ્ધતિ મારફતે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના સમુદાયના વિકાસની જરૂરિયાતો સંતોષવામાં આવી છે. રાજ્યના મુખ્યમંત્રીની અધ્યક્ષતા હેઠળ ટ્રાયબલ એરિયા સબ–પ્લાનનું આયોજન કરવા એક રાજ્ય સ્તરનું આયોજન બોર્ડ ઊભું કરવામાં આવ્યું છે. જિલ્લા સ્તરે યોજનાઓ ઘડવા, તેને લાગુ કરવા અને તેની ફાળવણીના સમન્વય માટે જિલ્લા સ્તરે 'જિલ્લા આદિજાતિ વિકાસ મંડળ' રચવામાં આવ્યું છે.

Part C – (GENERAL GUJARATI)

નીચે આપેલા શબ્દનો એક સાચો સંધિવિગ્રહ જણાવો

101. દેવાલય
   (a) દેવા + આલય
   (b) દેવ + આલય
   (c) દેવ + અલય
   (d) દેવા + લય

102. મનોરંજન
   (a) મનો + રંજન
   (b) મન + રંજન
   (c) મનઃ + રંજન
   (d) મનોઃ + રંજન

103. અનાવરણ
   (a) અના + વરણ
   (b) અનઃ + વરણ
   (c) અન + વરણ
   (d) અન + આવરણ

104. નરેન્દ્ર
   (a) નરે + ઈન્દ્ર
   (b) નર + ઈન્દ્ર
   (c) નરા + ઈન્દ્ર
   (d) નરઃ + ઈન્દ્ર

નીચે આપેલા શબ્દોના પર્યાયમાં, ચારમાંથી એક ખોટો છે, તે જણાવો

105. સૂરજ
   (a) દિનકર
   (b) ભાસ્કર
   (c) રવિ
   (d) શશી

106. નસીબ
   (a) પ્રારબ્ધ
   (b) ભાગ્ય
   (c) કિસ્મત
   (d) ફતેહ

107. મૂર્ખ
   (a) રમૂજી
   (b) મૂઢ
   (c) જડ
   (d) અક્કલહીન

108. સોનું
   (a) કંચન
   (b) રજત
   (c) સુવર્ણ
   (d) હેમ

109. આંખ
   (a) નેત્ર
   (b) નયન
   (c) અક્ષત
   (d) લોચન

નીચે રૂઢિપ્રયોગના ચાર અર્થ આપ્યા છે જેમાંથી એક સાચો છે, તે જણાવો

110. જેર કરવું
   (a) વેર કરવું
   (b) તાબે કરવું
   (c) વેરવિખેર કરવું
   (d) છોડી દેવું

111. નવનેજાં થયાં
   (a) ઘણો સમય વહી ગયો
   (b) ઘણું પાણી વેડફાયું
   (c) ઘણાં નાણાં વપરાયાં
   (d) ઘણું સહન કરવું પડયું

112. પેટમાં પગ હોવા
(a) અંદરથી પહોંચેલા હોવું (b) અંદરથી દુઃખી હોવું
(c) કંગાળ હોવું (d) મનમાં પાપ હોવું

113. લાકડે માકડું વળગાડવું
(a) સારા ઉપાય કરવા (b) દવા કરવી
(c) યોગ્યતા વિના જોડી દેવું (d) દેવું કરવું

114. પાછી પાની કરવી
(a) નાસી જવું (b) પાછા આવવું
(c) માફ કરી દેવું (d) ઉતાવળ કરવી

115. ધાપ મારવી
(a) ચોરી કરવી (b) ભૂલ કરવી
(c) વાર લગાડવી (d) ખોટું બોલવું

**નીચે આપેલા શબ્દના ચાર વિકલ્પોમાંથી વિરુદ્ધ અર્થવાળો <u>એક સાચો શબ્દ</u> જણાવો**

116. તંદુરસ્ત
(a) નીરોગી (b) સ્વસ્થ
(c) બીમાર (d) સાજુંનરવું

117. પ્રભુ
(a) હરિ (b) દાનવ
(c) ઈશ (d) દેવ

118. સ્વીકાર
(a) ધારણ (b) પ્રાપ્તિ
(c) અસ્વીકાર (d) સંમતિ

119. પ્રકાશ
(a) ઓજ (b) ઉજાસ
(c) અજવાળું (d) તિમિર

120. પ્રત્યક્ષ
(a) પરોક્ષ (b) સમક્ષ
(c) સામે (d) હાજર

**નીચેના પ્રશ્નોમાં વાકયખંડો/શબ્દ–સમૂહો આપ્યાં છે. તેની નીચે તેનો અર્થ દર્શાવતા એક શબ્દના ચાર વિકલ્પો છે. સાચો શબ્દ શોધો** વિકલ્પ

121. પંચાતમાં પડવું
(a) પંચાયત બોલાવવી (b) ખુશીમાં સામેલ થવું
(c) પરોણાગત કરવી (d) તકરારમાં સામેલ થવું

122. દાંતે તરણું લેવડાવવું
(a) આશ્ચર્ય દર્શાવવું (b) કજિયો કરાવવો
(c) હાર સ્વીકારવી (d) દાંત દેખાડવું

123. દિલ ઉતરવું
(a) પ્રેમભાવ વધી જવો (b) દિલ ઊઠી જવું
(c) મનની વાત કહેવી (d) દિલ આપી દેવું

124. તુમારે ચઢવું
  (a) કામ પાર ન પડવું  (b) કામ સરળ થઈ જવું
  (c) કામમાં ભલીવાર ન હોવી  (d) કામ કઢાવી લેવું

125. પેરવીમાં રહેવું
  (a) તકલીફમાં રહેવું  (b) તજવીજમાં રહેવું
  (c) મુશ્કેલી ઊભી કરવી  (d) રાહ જોવી

126. પોત પ્રકાશવું
  (a) અજવાળું કરવું  (b) પોતાનું બનાવી લેવું
  (c) જાતે–પોતે કરવું  (d) મૂળસ્વભાવ દાખવવો

127. પાઘડી બંધાવવી
  (a) શાબાશી આપવી  (b) દેવાળું કાઢવું
  (c) નવી શરૂઆત કરવી  (d) છૂટ આપવી

128. બર આવવું
  (a) બહાર આવવું  (b) સફળ થવું
  (c) પીડા મટવી  (d) મજા આવવી

**નીચે આપેલા શબ્દ સાથે સંબંધિત શબ્દોમાં એક શબ્દ બંધબેસતો નથી તે શોધી કાઢો**

129. ખેતી
  (a) ભીત (b) ખેતર  (c) પાણી  (d) ખાતર

130. સારો પાક
  (a) જમીન  (b) બિયારણ  (c) નીંદણ  (d) પહાડ

131. સંવેદન
  (a) ગરમી  (b) બળ  (c) ગંધ  (d) સ્વાદ

132. વૃક્ષ
  (a) વડ  (b) પીપળો  (c) આમલી  (d) તુલસી

133. અભિનય
  (a) અતિરંજિત  (b) આંગિક  (c) બાબત  (d) વાચિક

134. અલંકાર
  (a) યમક  (b) ઉપમા  (c) મુદ્રા  (d) શ્લેષ

135. ધર્મસ્થાન
  (a) મંદિર  (b) દેરાસર  (c) મસ્જિદ  (d) રંગશાળા

**નીચે આપેલા પ્રશ્નોમાંથી સાચી જોડણી શોધી કાઢો**

| | | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|---|
| 136. | રાષ્ટ્રહીતચિંતક | રાષ્ટ્રહિતચીતક | રાષ્ટ્રહિતચિંતક | રાષ્ટ્રહિતચિંતક | રાષ્ટહિતચિતક |
| 137. | અનૂભૂતિઅનુભૂતિ | | અનુભુતિઅનુભૂતીઅનુભુતી | | |
| 138. | પ્રતિસ્પર્ધા | પર્તિસ્પર્ધા | પ્રતિસ્પર્ધા | પ્રતીસ્પર્ધા | પ્રતિસ્પર્ધા |
| 139. | ગૃહપર્વેશગૃહપ્રવેસગૃહપ્રવેશગ્રૃહપ્રવેશ | | ગર્હપ્રવેશ | | |
| 140. | કીમિયાગર | કિમિયાગર | કીમિયાઘર | કીમીયાગર | કીમયાગર |
| 141. | કુશાગ્રબૂદ્ધિ | કુશાગ્રબુદ્ધી | કુશાગ્રબુદ્ધિ | કુશાર્ગબુદ્ધિ | કૂશાગ્રબુદ્ધિ |
| 142. | કીર્તીસ્તંભ | કિર્તિસ્તંભ | કીર્તિસ્તંબ | કીર્તિસ્તભ | કીર્તિસ્તંભ |
| 143. | જ્યોતીર્ધર | જ્યોતિર્ધર | જયોતિર્ધર | જ્યોતિર્ધર | જ્યોર્તિધર |
| 144. | સ્વદેશાભિમાન | સ્વદેશાભીમાન | સ્વદેશભિમાન | સ્વદેસાભિમાન | સ્વદેશાભિમન |
| 145. | સમુદાયિક | સામુદયિક | સામૂદાયિક | સામુદાયીક | સામુદાયિક |

**નીચે આપેલા શબ્દના ચાર વિકલ્પોમાંથી સાચો અંગ્રે સમાનાર્થી શબ્દ જણાવો**

146. અર્થતંત્ર
   - (a) બિઝનેસ
   - (b) ઇકોનોમિક્સ
   - (c) ફાયનાન્સ
   - (d) ઇકોલોજી

147. સંવેદી સૂચકાંક
   - (a) માર્કેટ પ્રાઈસ
   - (b) રફ ફીગર
   - (c) સેન્સેક્સ
   - (d) કોડ નંબર

148. રાષ્ટ્ર સંઘ
   - (a) યુનાઇટેડ કિંગડમ
   - (b) યુનાઇટેડ સ્ટેટ્સ
   - (c) યુનિસેફ
   - (d) યુનાઇટેડ નેશન્સ

149. ઉદારીકરણ
   - (a) લાયાબિલિટી
   - (b) લિબરાલિઝમ
   - (c) નોર્મલાઇઝ
   - (d) રિવોલ્યુશન

150. સાંપ્રદાયિક
   - (a) રિજનલ
   - (b) રિલિજસ
   - (c) કોમ્યુનલ
   - (d) કલ્ચરલ